# ઇલસ્ટ્રેટર (રેખાચિત્રકાર)

ઈલસ્ટ્રેટર એવી વ્યક્તિ છે જે લક્ષિત પ્રેક્ષકોને સંદેશ આપવા માટે કલા અને રેખાંકનોનો ઉપયોગ કરે છે. સામાન્ય રીતે ફક્ત લખાણ દ્વારા સમજવામાં મુશ્કેલ લાગતી હોય તેવી સંકલ્પનાઓ, ખ્યાલોને વધુ સારી રીતે સમજાવવા માટે રેખાચિત્રો/ ઈલેસ્ટ્રેશનનો ઉપયોગ કરવામાં આવે છે. ઈલસ્ટ્રેટરની સેવાઓનો સૌથી વધુ ઉપયોગ વિજ્ઞાપન અને પ્રકાશન ક્ષેત્રમાં થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે રેખાચિત્રો દોરવામાં રૂચિ ધરાવો છો
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬,૦૦૦ થી ૨,૪૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈન આર્ટસમાં કાર્ટૂનિંગમાં સ્નાતક(BFA)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ ફાઈન આર્ટ્સમાં ઈલસ્ટ્રેશનમાં અનુસ્નાતક(MFA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઈલસ્ટ્રેટરનું અંદાજીત માસિક વેતન
રૂ. ૧૩,૦૦૦ થી ૬૫,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Illustrator/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સર્જનાત્મક કલા અને ડિઝાઇન ક્ષેત્ર, જાહેરાત અને માર્કેટિંગ એજન્સીઓ, પ્રકાશકો અને ગ્રાફિક ડિઝાઇન, વેબ ડિઝાઇન અથવા એનિમેશન કંપનીઓ.

**ઉદ્યોગ સાહસિકતા :** તમે તમારી પોતાની ખાનગી સેવાઓ પણ આપી શકો છો જ્યાં તમે તમારા ગ્રાહકોની જરૂરિયાતો અનુસાર ચિત્રો પ્રદાન કરશો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** સામાન્ય રીતે તમે ઓફિસ અથવા સ્ટુડિયોમાં કામ કરશો. કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ છે. નોકરીમાં કમ્પ્યૂટર નો વ્યાપક ઉપયોગ થાય છે. તમારી પાસે સમયમર્યાદામાં કામ પૂરું કરવાની અપેક્ષા રાખવામાં આવશે અને પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે દિવસમાં વધુ કલાકો ફાળવવા પડી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ઈલસ્ટ્રેટર/ઈલસ્ટ્રેટર આસિસ્ટન્ટ → ઈલસ્ટ્રેટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈલસ્ટ્રેટર, કાર્ટૂનિસ્ટ, બુક ઈલસ્ટ્રેશન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ લલિતકલા/ફાઈન આર્ટ્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એન.આઈ.એફ.ટી., નવી દિલ્હી
૨. નીફ્ટ (એન.આઈ.એફ.ટી.), ગાંધીનગર
૩. ગવર્મેન્ટ કોલેજ ફોર ગર્લ્સ, લુધિયાણા
૪. અલ્હાબાદ ડિગ્રી કોલેજ, અલ્હાબાદ
૫. એન.આઈ.ડી., અમદાવાદ
૬. મેરઠ કોલેજ, મેરઠ
૭. બરેલી કોલેજ, બરેલી
૮. પોસ્ટ ગ્રેજ્યુએટ ગવર્મેન્ટ કોલેજ ફોર ગર્લ્સ, ચંદીગઢ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. વી.ઈ.એલ.એસ. ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, ટેક્નોલોજી અને એડવાન્સ્ડ સ્ટડીઝ
૩. સેન્ટર ફોર ક્રિએટિવ આર્ટસ એન્ડ ડિઝાઇન, બેંગ્લોર
૪. પર્લ એકેડમી, નવી દિલ્હી
૫. એટોન્સ સ્કૂલ ઓફ એનિમેશન, નવી દિલ્હી
૬. ઝી ઈન્સ્ટિટ્યુટ ઑફ ક્રિએટિવ આર્ટ (ઝીકા) સ્ટુડિયો, મુંબઈ
૭. એપીજય ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, નવી દિલ્હી
૮. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayamlearn.com/learn-adobe-illustrator-basic-to-professional-level-at-home-in-hindi/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદના સ્નાતક **અભિષેક સિંહ** એક કલાકાર, ગ્રાફિક નવલકથાકાર તથા એનિમેશન ફિલ્મ ડિઝાઈનર છે. તેમણે શેખર કપૂર અને દીપક ચોપરા સાથે મળીને થકી કાર્ટૂન નેટવર્ક, વર્જિન કોમિક્સની એક શ્રેણી તેમજ યુ.ટી.વી. સાથે એનિમેશન પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે. પર્યાવરણીય વિષયો, સાર્વત્રિક ઓળખ અને આધ્યાત્મિક એકતાને પ્રોત્સાહિત કરતી પૌરાણિક કથાઓ અને પ્રાચીન દર્શનશાસ્ત્રના અનન્ય અર્થઘટન માટે તેઓ વિખ્યાત છે.*

સ્રોત : https://www.behance.net/gallery/69405467/Top-30-Indian-Illustrators-to-Follow

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.